## કચેરી હુકમ :–

રાજ્ય સરકારનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ નાં તા..૨–૯–૨૦૦૪ ના નોટીફીકેશન નં.જીએચ/વી/૧૦૦ ઓફ ૨૦૦૪/ડીવીપી/૧૪૦૩/૩૩૦૭/એલ થી સુરત મહાનગરપાલિકા વિસ્તારનાં પુનરાવર્તિત વિકાસ નકશા તથા સંલગ્ન પુનરાવર્તિત વિકાસ નિયંત્રણ નિયમોને મંજૂરી આપેલ છે, તથા તેનો અમલ તા.૧૫–૯–૨૦૦૪ થી શરૂ થયેલ છે.

સુરત, મહાનગરપાલિકા વિસ્તારમાં મંજુર થયેલ પુનરાવર્તિત વિકાસ નિયંત્રણ નિયમો હેઠળ રજૂ થતી બાંધકામની વિકાસ પરવાનગીની અરજીઓ સ્વીકારવા તથા મંજૂરી આપવા સંબંધે નીચે જણાવ્યા મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૧) રહેઠાણના સ્વતંત્ર આવાસો, ફકત રહેઠાણના ફલેટોના આયોજન વાળા સ્વતંત્ર લો.રાઈઝ એપાર્ટમેન્ટ, ૧૨.૦ મી થી ઓછી પહોળાઈના રસ્તાઓ ઉપર આવેલ પ્લોટોમાં ફકત ગ્રાઉન્ડ ફલોર પર કોમર્શીયલ યુઝ તથા ઉપરના માળ ઉપર ફકત રહેઠાણનાં આયોજન વાળા સ્વતંત્ર લો.રાઈઝ એપાર્ટમેન્ટ તથા સ્વતંત્ર લો.રાઈઝ ઈન્ડસ્ટ્રીયલ બિલ્ડીગના બાંધકામની વિકાસ પરવાનગીની અરજી જે તે સંબંધિત ઝોન કચેરીમાં સ્વીકારવાની રહેશે. તથા આવી અરજીઓ સંબધે જરૂરી કાર્યવાહી કરીને જે તે કાર્યપાલક ઈજનેરશ્રી/ ઝોનલ ઓફિસરશ્રીની મંજૂરીથી આવા બાંધકામોની પરવાનગી જે તે ઝોન કચેરીથી આપવાની રહેશે.

ઝોન કચેરી તરફથી મંજૂર કરવામાં આવતા બાંધકામો તથા મધ્યસ્થ શહેર વિકાસ ખાતા માંથી મંજૂર થતા લે–આઉટ સહિતનાં બાંધકામોનું નિયંત્રણ રાખવા તથા તબકકાવાર બાંધકામની પરવાનગી આપવા તથા વસવાટની પરવાનગી આપવા સંબધેની તમામ કાર્યવાહી ઝોન કચેરીમાંથી કાર્યપાલક ઈજનેર/ઝોનલ ઓફિસરશ્રીની મંજૂરીથી કરવાની રહેશે.

(૨) કોમર્શીયલ બિલ્ડીગો, હાઈરાઈઝ બિલ્ડીગો, સ્પેશીયલ સ્ટ્રકચર્સ, લે–આઉટ સહિતના બાંધકામો ભાગલા, એકત્રીકરણ, ૧૨.૦ મી કે તેથી વધુ પહોળાઈના રસ્તાઓ ઉપર આવેલ પ્લોટમાં સુચવેલ બાંધકામો તથા ઉકત ક્રમાંક–૧ માં જણાવ્યા સિવાયનાં કિસ્સાઓ માટેના બાંધકામની વિકાસ પરવાનગીની અરજી મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાં સ્વીકારવાની રહેશે, તથા આવી અરજીઓ સંબધે મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાંથી જરૂરી કાર્યવાહી કરીને મ્યુ.કમિશનરશ્રીની મંજુરીથી બાંધકામોની વિકાસ પરવાનગી આપીને શહેર વિકાસ અધિકારીશ્રીની સહીથી ઈસ્યુ કરવાની રહેશે.

મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાંથી મંજુર થતી વિકાસ પરવાનગીઓ પૈકી કોમર્શીયલ બિલ્ડીગો, હાઈરાઈઝ બિલ્ડીગો તથા ૧૨.૦ મી કે તેથી વધુ પહોળાઈના રસ્તાઓ ઉપર આવેલ પ્લોટમાં મંજુર કરવામાં આવતા બાંધકામોનું નિયંત્રણ રાખવા, તબકકાવાર બાંધકામની પરવાનગી આપવા તથા વસવાટની પરવાનગી આપવા સંબંધેની તમામ કાર્યવાહી મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાંથી શહેર વિકાસ અધિકારીશ્રીની મંજુરીથી કરવાની રહેશે.

(૩) " મેન્ટેનન્સ ઓફ બિલ્ડીગ્સ " ના નિયમ ૨૫ ની જોગવાઈ અન્વયે હાઈરાઈઝ બિલ્ડીગો, કોમર્શીયલ બિલ્ડીગો તથા સ્પેશીયલ સ્ટ્રકચર્સ સંબંધેની તમામ કાર્યવાહી મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાંથી કરવાની રહેશે, તથા આ સિવાયનાં બિલ્ડીગો માટે જે તે સંબંધિત ઝોન કચેરીમાંથી કાર્યવાહી કરવાની રહેશે.

(૪) નિયમ ૨૬ ની રીલેક્ષેશન ની જોગવાઈ અન્વયે જે તે સંબંધિત કિસ્સાઓ માટે મ્યુ.કમિશનરશ્રીની મંજૂરી મેળવવાની રહેશે.

-:-

(૫) નિયમ ૨૮ ની 'ઈન્ટરપ્રીટેશન' અને 'ડીસ્ક્રીશનરી પાવર્સ' ની જોગવાઈ સંબધે મ્યુ.કમિશ્નરશ્રીની મંજુરી મેળવવાની રહેશે.

(૬) નિયમ ૩૧ ની 'ઝોનીંગ એન્ડ યુઝ પ્રોવીઝન્સ' નાં યુઝ ઝોન ટેબલના કોલમ નં.૪ ની જોગવાઈ સંબંધે મ્યુ.કમિશ્નરશ્રીની મંજુરી મેળવવાની રહેશે.

(૭) નિયમ ૧૬ ની ટેમ્પરરી સ્ટ્રકચર, પ્રદર્શન, મેળા વિગેરેની પરવાનગી તથા નિયમ-૨૦ મુજબ ખાનગી જમીન ઉપર હોર્ડિંગ્સ ની પરવાનગી આપવા સંબંધે મ્યુ.કમિશ્નરશ્રીના તા.૫-૧-૦૫ નાં કચેરી હુકમ નં.ટી.ડી.ઓ/ ૩૬૧૪ થી થયેલ હુકમો યથાવત રહેશે.

(મુળપત્ર ઉપર મે.કમિશ્નરશ્રીની સહી છે.)

નં.ટી.ડી.ઓ/ ૪૭૯
તા. ૯ /૦૫/ ૦૫

સહી/-
કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

નકલ સા. રવાના :- ડાયરેકટર ઓફ પ્લાનીંગશ્રી પ્રતિ.. જાણ માટે.

નકલ સા.રવાના :- તમામ ઝોનના વિભાગીય વડાશ્રીઓ પ્રતિ....જાણ માટે.

નકલ સ.રવાના :- શહેર વિકાસ અધિકારીશ્રી પ્રતિ.. જાણ તથા તાત્કાલીક અમલ માટે.

નકલ સ.રવાના :- તમામ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રી/ ઝોનલ ઓફિસરશ્રીઓ પ્રતિ.. જાણ તથા તાત્કાલીક અમલ માટે.

શહેર વિકાસ અધિકારી
સુરત મહાનગરપાલિકા

# પરિપત્ર

અનુસંધાન :–

(૧) કમિશ્નરશ્રીનો પરિપત્ર નં.ટીડીઓ/૪૮૪૯, તા.૨૭/૩/૨૦૦૨
(૨) કમિશ્નરશ્રીનો પરિપત્ર નં.ટીડીઓ/૧૩૯૯, તા.૧૩/૮/૨૦૦૩.
(૩) કમિશ્નરશ્રીનો કચેરી હુકમ નં.ટીડીઓ/૩૬૧૪, તા.૫/૧/૨૦૦૫

સુરત મહાનગર સેવા સદન વિસ્તારમાં બે તબક્કામાં થયેલ હદ વિસ્તરણને ધ્યાને લઈને વહીવટી સરળતા માટે નીચે મુજબની સુચનાઓનો તાત્કાલિક અસરથી અમલ કરવો.

## (૧) ખાનગી મિલ્કતો ઉપર હોર્ડીંગ્સના નિયંત્રણ બાબત:–

(I) ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટની કલમ–૧૯૭૬ હેઠળના મંજુર પુનરાવર્તિત વિકાસ પ્લાન મુજબના મંજુર પુનરાવર્તિત વિકાસ નિયંત્રણ નિયમોના નિયમ–૨૦ તથા ધી બી.પી.એમ.સી.એકટ,૧૯૪૯ ની કલમ– ૨૪૫ મુજબ સુરત મહાનગર સેવા સદનના વિસ્તારમાં ખાનગી માલિકીની જમીન / મિલ્કત પર મુકવામાં આવતા હોર્ડીંગ્સની પરવાનગી આપવાની, પરવાનગીને લગતી ફી/ચાર્જીસ વસુલ કરવાની, પરવાનગી રીન્યુ કરવાની કામગીરીને લગતી તમામ કાર્યવાહી જે તે સંબંધિત ઝોન કચેરી ધ્વારા કાર્યપાલક ઈજનેર/ઝોનલ અધિકારીની મંજુરીથી કરવાની રહેશે. ઉકત કામગીરી સામાન્ય સભાના તા.૨૭–૪–૦૭ ના ઠરાવ નં.૩૦૧/૨૦૦૭ થી નકકી કરવામાં આવેલ નીતિ મુજબ કરવાની રહેશે, જેની નકલ દરેક ઝોનમાં પરિપત્રીત કરેલ છે.

(II) પરવાનગી વગરના કે વિરૂધ્ધના હોર્ડીંગ્સ દુર કરવા સહિતની હોર્ડીંગ્સની નિયંત્રણ/દેખરેખને લગતી તમામ કાર્યવાહી જે તે સંબંધિત ઝોન કચેરીમાંથી કરવાની રહેશે.

(III) ખાનગી જમીન/મિલ્કતો ઉપરના હોર્ડીંગ્સની પરવાનગીને લગતી નીતિ વિષયક નિર્ણયોને લગતી તમામ કાર્યવાહી મધ્યસ્થ શહેર વિકાસ ખાતા મારફત કરવાની રહેશે

## (૨) ટેમ્પરરી સ્ટ્રકચરની પરવાનગી તથા નિયંત્રણ બાબત :–

(I) મંજુર પુનરાવર્તિત વિકાસ નિયંત્રણ નિયમો પૈકીના નિયમ–૧૬.૨૧ માં ટેમ્પરરી સ્ટ્રકચરની પરવાનગી આપવા સંબંધે જોગવાઈ થયેલ છે. જે ધ્યાને લઈને પ્રદર્શનો, ઉત્સવો, ધાર્મિક પ્રસંગો, સર્કસ વિગેરેના આયોજન માટે ટેમ્પરરી સ્ટ્રકચરની પરવાનગી, તેને આનુષાંગિક સીકયુરીટી ડીપોઝીટ વસુલ લેવાની તથા આ ડીપોઝીટ પરત આપવાની/ ફોરફીટ કરવાને લગતી તથા તેના નિયંત્રણને લગતી તમામ કાર્યવાહી જે તે સંબંધિત ઝોન કચેરીમાંથી ~~ઝોનલ~~ કાર્યપાલક ઈજનેરશ્રી/ઝોનલ અધિકારીશ્રીના મંજુરીથી કરવાની રહેશે.

(II) હાઈરાઈઝ અને કોમર્શીયલ બીલ્ડીંગો સિવાયના બીલ્ડીંગોના બાંધકામ દરમ્યાન સ્થળે સાઈટ ઓફિસ તથા મટીરીયલ્સ સ્ટોરેજ માટેના ટેમ્પરરી સ્ટ્રકચરોના બાંધકામની પરવાનગી, સીકયુરીટી

ડીપોઝીટ વસુલ લેવાની, રીફંડ/ફોરફીટ કરવાને લગતી તથા આવા ટેમ્પરરી સાઈટ ઓફિસ, ગોડાઉનના બાંધકામોના નિયંત્રણની તમામ કામગીરી જે તે ઝોન કચેરીમાંથી કરવાની રહેશે તથા આવા બાંધકામની પરવાનગી કાર્યપાલક ઈજનેર/ઝોનલ અધિકારીશ્રીએ, ઝોનલ ચીફની મંજુરીથી આપવાની રહેશે.

(III) હાઈરાઈઝ તથા કોમ્મર્શીયલ બીલ્ડીગોના બાંધકામ દરમ્યાન સાઈટ ઓફિસ અને મટીરીયલ્સ સ્ટોરેજ ગોડાઉન માટેના ટેમ્પરરી સ્ટ્રકચરના બાંધકામની પરવાનગી આપવાની સીક્યોરીટી ડીપોઝીટ વસુલાત, ફોરફીટ/રીફંડ કરવાની કામગીરી મધ્યસ્થ શહેર વિકાસ ખાતા મારફત શહેર વિકાસ અધિકારીશ્રીની મંજુરીથી કરવાની રહેશે.

(૩) પાર્ટી પ્લોટ તથા તેમાં ટેમ્પરરી સ્ટ્રકચરની પરવાનગી તથા નિયંત્રણ બાબતઃ–

પાર્ટી પ્લોટ તથા તેમાં ટેમ્પરરી સ્ટ્રકચરની પરવાનગી તથા તેના નિયંત્રણને લગતી તમામ સંબંધિત કાર્યવાહી જે તે સંબંધિત ઝોન કચેરીમાંથી કરવાની રહેશે. પાર્ટી પ્લોટ તથા તેના ટેમ્પરરી સ્ટ્રકચરની પરવાનગી ઝોનલ અધિકારીશ્રી/કાર્યપાલક ઈજનેરશ્રીએ, ઝોનલ ચીફની મંજુરીથી આપવાની રહેશે.

(૩) ટેલીકોમ્યુનીકેશન એન્ટેના ટાવરની પરવાનગી તથા નિયંત્રણ બાબત :–

મંજુર પુનરાવર્તિત વિકાસ નિયંત્રણ નિયમો પૈકીના નિયમ–૨૦(૧૧) માં બીલ્ડીગના ટેરેસ તથા ખુલ્લી જમીન ઉપર ટેલીકોમ્યુનીકેશન ટાવરની પરવાનગી આપવાની જોગવાઈ થયેલ છે. જે અન્વયે એપાર્ટમેન્ટ/હાઈરાઈઝ બીલ્ડીગ/ કોમર્શીયલ બીલ્ડીગો સહિતના બીલ્ડીગો/ખુલ્લી જગ્યામાં એન્ટેના ટાવર અથવા સેલ્યુલર ફોન લેવા માટેના ટેલીકોમ્યુનીકેશન ટાવર ઉભા કરવા તા. ૨૭–૩–૦૨ ના પરીપત્ર નં.ટીડીઓ/૪૮૪૯ થી પરીપત્રીત કરેલ સુચનાઓ મુજબ " ન વાંધા પ્રમાણપત્ર " આપવાની તથા પરવાનગી વગરના કે પરવાનગી વિરૂધ્ધના ટાવરો વિરૂધ્ધની તમામ કામગીરી જે તે સંબંધિત ઝોન કચેરીમાંથી કરવાની રહેશે. આવી પરવાનગી આપવાના કામે મંજુર થયેલ પુનરાવર્તિત વિકાસ નિયંત્રણ નિયમોની જોગવાઈ ઉપરાંત અગાઉ તા.૨૭–૩–૦૨ ના પરીપત્ર નં.ટીડીઓ/૪૮૪૯ થી આપેલ સુચનાઓ પૈકીની ક્રમાંક નં.૧ થી ૫ ની વિગતો ધ્યાને લેવાની રહેશે. આવા ટાવરની પરવાનગી જે તે ઝોનના ઝોનલ અધિકારીશ્રીએ, ઝોનલ ચીફની મંજુરીથી આપવાની રહેશે.

નં.ટી.ડી.ઓ./ ૧૫૦૮૯,
તા૨૧/૦૬/૦૭

કમિશ્નર
સુરત મહાનગર સેવા સદન

નકલ સ. રવાના :– તમામ વિભાગીય વડાશ્રીઓ/ ઝોનલ ચીફશ્રી પ્રતિ..... જાણ માટે.
નકલ રવાના :– શહેર વિકાસ અધિકારીશ્રી / ટાઉન પ્લાનરશ્રી /તમામ ઝોનલ અધિકારીશ્રી / કાર્યપાલક ઈજનેરશ્રીઓ/તમામ ખાતાકીય વડાશ્રીઓ પ્રતિ....જાણ તથા

# પ રી પ ત્ર

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં મંજુર થયેલ પુનરાવર્તિત વિકાસ નિયંત્રણ નિયમો હેઠળ રજુ થતી બાંધકામની વિકાસ પરવાનગીની અરજીઓ સ્વીકારવા તથા મંજુરી આપવા સંબધે તા.૯–૫–૦૫ નાં કચેરી હુકમ નં. ટી.ડી.ઓ.૪૭૯ થી સુચનાઓ પરીપત્રિત કરવામાં આવેલ છે. જેમાં નીચે મુજબની સ્પષ્ટતા ધ્યાને લેવી.

૧૨.૦ મી થી મોટા રસ્તા ઉપર આવેલ પ્લોટોમાં ફકત રહેઠાણના હેતુના સ્વતંત્ર લો.રાઈઝ બિલ્ડીગ, ફકત ગ્રાઉન્ડ ફ્લોર ઉપર દુકાનો અને ઉપરના ફ્લોર ઉપર ફકત રહેઠાણનાં હેતુના સ્વતંત્ર લો.રાઈઝ બિલ્ડીગ તથા સ્વતંત્ર લો.રાઈઝ ઈન્ડસ્ટ્રીયલ બીલ્ડીગોના બાંધકામની વિકાસ પરવાનગીની અરજીઓ પણ જે તે સંબધિત ઝોન કચેરીમાં સ્વીકારીને જે તે ઝોનલ અધિકારીશ્રી/ કાર્યપાલક ઈજનેરશ્રીએ આવી અરજીઓ સંબધે નિર્ણયો કરવાના રહેશે,તથા આવા બાંધકામોનું નિયંત્રણ રાખવા , તબકકાવાર બાંધકામની પરવાનગી આપવા તથા વસવાટની પરવાનગી આપવા સંબધેની તમામ કાર્યવાહી જે તે સંબધિત ઝોન કચેરીમાંથી કાર્યપાલક ઈજનેરશ્રી/ઝોનલ ઓફિસરશ્રીની મંજુરીથી કરવાની રહેશે.

નં.ટી.ડી.ઓ/ ૯૩૫
તા.૨/૦૬/૦૫

શહેર વિકાસ અધિકારી
સુરત મહાનગરપાલિકા

નકલ સાદર રવાના :– મે.કમિશ્નરશ્રી પ્રતિ.. જાણ માટે.

નકલ સાદર રવાના :– ડાયરેકટર ઓફ પ્લાનીંગશ્રી પ્રતિ.. જાણ માટે.

નકલ સાદર રવાના :– તમામ ઝોનના વિભાગીય વડાશ્રીઓ પ્રતિ.. જાણ માટે.

નકલ સ.રવાના :– તમામ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રી/ ઝોનલ ઓફિસરશ્રી પ્રતિ.. જાણ તથા અમલ માટે.

નકલ .રવાના :– ઈ.ચા નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી પ્રતિ.. જાણ તથા અમલ માટે.

(६३)

# પરિપત્ર

રાજ્ય સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૨–૯–૦૪ ના નોટીફીકેશન નં.જીએચ/વી/૧૦૦ ઓફ ૨૦૦૪/ડીવીપી/૧૪૦૩/૩૩૦૭ થી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં પુનરાવર્તિત વિકાસ નકશા તથા સંલગ્ન વિકાસ નિયંત્રણ નિયમોને મંજુરી આપેલ છે તથા તેનો અમલ તા.૧૫–૯–૦૪ થી શરૂ થયેલ છે.

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં મંજુર થયેલ પુનરાવર્તિત વિકાસ નિયંત્રણ નિયમો હેઠળ રજુ થતી બાંધકામની વિકાસ પરવાનગીની અરજી સંબંધે તથા સ્થળ ઉપરના પ્રગતિ હેઠળના બાંધકામોના નિયંત્રણ સંબંધે જે તે સંબંધિત ઝોન કચેરી તથા મધ્યસ્થ શહેર વિકાસ ખાતાના કાર્યક્ષેત્ર હેઠળની કામગીરી નિયત કરવા અગાઉ મ્યુનિ.કમિશનરશ્રીના તા.૯–૫–૦૫ ના કચેરી હુકમ નં.ટીડીઓ/૪૭૯ થી હુકમો કરવામાં આવેલ. જે સંબંધે નીચે મુજબની વધુ સ્પષ્ટતાઓ ધ્યાને લેવી.

મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાંથી મંજુર થતા હાઈરાઈઝ તથા કોમર્શીયલ બીલ્ડીંગોના બાંધકામોનું નિયંત્રણ મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાંથી કરવાનું રહે છે. પરંતુ, પરવાનગી મેળવ્યા વગર શરૂ થતા તમામ પ્રકારના ( હાઈરાઈઝ તથા કોમર્શીયલ બાંધકામો સહિત) બાંધકામો અંગે જે તે સંબંધિત ઝોન કચેરી તરફથી નિયંત્રણ કરવાનું રહે છે. ફકત મંજુર થયેલ હાઈરાઈઝ તથા કોમર્શીયલ બીલ્ડીંગોના નિયંત્રણની કામગીરી જ મધ્યસ્થ શહેર વિકાસ ખાતા તરફથી કરવાની રહે છે. એટલે કે, આ પ્રકારના મંજુરી મેળવ્યા પહેલા શરૂ કરી દેવાયેલ બાંધકામો અંગે પણ આવા બાંધકામોની રજાચિઠ્ઠી મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાંથી અપાયેલ હોવાની જાણ જે તે સંબંધિત ઝોન કચેરીને કરી દેવામાં આવે ત્યાં સુધી જે તે સંબંધિત ઝોન કચેરીએ જરૂરી કાર્યવાહી કરવાની રહે છે.

ઉપરોકત સ્પષ્ટતા ધ્યાને લઈને તાત્કાલિક અસરથી જરૂરી કાર્યવાહી કરવી.

નં.ટી.ડી.ઓ./ ૪૮૯૯
તા.૫/૦૧/૦૮

કમિશનર
સુરત મહાનગરપાલિકા

નકલ સ. રવાના :– તમામ વિભાગીય વડાશ્રીઓ/ ઝોનલ ચીફશ્રી પ્રતિ..... જાણ માટે.

નકલ રવાના :– શહેર વિકાસ અધિકારીશ્રી /તમામ ઝોનલ અધિકારીશ્રી / કાર્યપાલક ઈજેનરશ્રીઓ પ્રતિ....જાણ તથા તાત્કાલીક અમલ માટે.

w2

# પરીપત્ર

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં બાંધકામની વિકાસ પરવાનગીની અરજીઓ અંગે કાર્યવાહી કરવા અગાઉ તા.૯-૫-૦૫ નાં કચેરી હુકમ નં. ટીડીઓ/૪૭૯ તથા તા.૧-૬-૦૫ નાં ટીડીઓ નં.૮૩૫ થી કરવામાં આવેલ હુકમોમાં નીચે મુજબની સ્પષ્ટતાઓ ધ્યાને લેવી.

કોઈપણ નોન કોમર્શીયલ હેતુનાં લે-આઉટ પ્રકારનાં આંતરીક એપ્રોચ સહિતના, એક કરતા વધુ લો.રાઈઝ બિલ્ડીંગોનું આયોજન ધરાવતી બાંધકામની વિકાસ પરવાનગીની અરજીઓ સંબંધે ની કાર્યવાહી મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાંથી કરવાની રહે છે.

ઉપરોકત સુચનાઓનો તાત્કાલીક અસરથી અમલ કરવાનો રહેશે.

**મુળપ્રત પર મે.કમિશ્નરશ્રીની સહી છે.**

સહી/-
કમિશ્નર
સુરત મહાનગરપાલિકા.

નં.ટીડીઓ/ ૭૦૧૭
તા૨૯/૦૮/૨૦૧૧

નકલ સા.રવાના :- માન.કમિશ્નરશ્રી પ્રતિ... જાણ માટે.

નકલ સ.રવાના :- તમામ ઝોનનાં વિભાગીય વડાશ્રીઓ પ્રતિ...જાણ માટે.

નકલ રવાના :- નગર નિયોજકશ્રી (શહેર વિકાસ ખાતુ) પ્રતિ,

:- તમામ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રી પ્રતિ....જાણ તથા અમલ માટે.

**ડેપ્યુટી કમિશ્નરશ્રી (પી એન્ડ ડી)**
**સુરત મહાનગરપાલિકા**

# પરિપત્ર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગે તા.૨-૯-૦૪ ના રોજ મંજુર કરેલ વિકાસ નિયંત્રણ નિયમ તા.૧૫-૧૦-૦૪ થી અમલમાં આવેલ.

૧- આ નિયમો પૈકી નિયમ નં.૨૫ માં સુરત શહેરમા આવેલ જુદા જુદા બીલ્ડીંગો માટે " મેઈન્ટેનન્સ ઓફ બીલ્ડીંગ" ની જોગવાઈ કરવામાં આવેલ છે. જેની અમલવારી સંબંધે તા.૪-૧૨-૦૭ ના વર્તમાન પત્રોમાં એક જાહેર નોટીસ આપવામાં આવેલ, જેની નકલ આ સાથે સામેલ છે.

સામેલ જાહેર નોટીસની વિગતો ધ્યાને લઈને મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાંથી મંજુર કરવામાં આવતા બાંધકામો પૈકી આર.સી.સી. હાઈરાઈઝ તથા કોમર્શીયલ બીલ્ડીગોના બાંધકામો માટે મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાંથી ઉકત જોગવાઈ સંબંધે કાર્યવાહી કરવી તથા બાકીના તમામ બીલ્ડીંગો અંગે જે તે સંબંધિત ઝોન કચેરીમાંથી કાર્યવાહી કરવાની રહેશે.

૨- સદર નિયમોમાં ફાયર સેઈફટી સંબંધે જે તે હાઈરાઈઝ બીલ્ડીંગોમાં ઈન્સ્ટોલ કરવામાં આવતી ફાયર ફાઈટીંગ સીસ્ટમ વર્કીગ કન્ડીશનમાં છે કે કેમ? તથા તેની જાળવણી કરવામાં આવે છે કે કેમ ? તે સંબંધે આવા તમામ હાઈરાઈઝ બીલ્ડીંગોમાં ઈન્સ્ટોલ થયેલ સીસ્ટમની ચકાસણી કરીને તે અંગેનું પ્રમાણપત્ર ચીફ ફાયર ઓફિસરશ્રીએ ઈસ્યુ કરવાનું રહેશે તથા તેની એક નકલ શહેર વિકાસ અધિકારીશ્રીને મોકલવાની રહેશે. જે બીલ્ડીંગોમાં ઈન્સ્પેકશન દરમ્યાન ફાયર ફાઈટીંગ સીસ્ટમમાં ત્રુટી જણાયેથી ચીફ ફાયર ઓફિસરશ્રીએ આવા બીલ્ડીંગોની સોસાયટી/એસોશીએશન સામે જરૂરી કાર્યવાહી હાથ ધરવા માટે શહેર વિકાસ અધિકારીશ્રીને જાણ કરવાની રહેશે.

(૩) મધ્યસ્થ શહેર વિકાસ ખાતાએ સદર બાબતે પોગ્રેસ રીવ્યુ કરવા માટે પત્રક તૈયાર કરી તમામ ઝોન કચેરીઓને મોકલી આપવું. જે નિયત પત્રક મુજબ તમામ ઝોન કચેરીએ માસિક અહેવાલ મોકલી આપવાનો રહેશે.

ઉપરોકત સુચનાઓનો તાત્કાલિક અસરથી અમલ કરવો.

નં.ટી.ડી.ઓ/ ૪૮૧૮
તા ૫/૧/૨૦૦૮

કમિશનરશ્રી,
સુરત મહાનગરપાલિકા

નકલ સ. રવાના :- (૧) તમામ ઝોનનાં વિભાગીય વડાશ્રીઓ પ્રતિ..... જાણ માટે.

(૨) ડાયરેકટર ઓફ પ્લાનીંગશ્રી પ્રતિ.... જાણ માટે.

નકલ રવાના :- (૧) શહેર વિકાસ અધિકારીશ્રી પ્રતિ... જાણ તથા અમલ કરવા સારૂ.

(૨) ચીફ ફાયર ઓફિસરશ્રી પ્રતિ... જાણ તથા અમલ કરવા સારૂ.

(૩) તમામ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રી/ઝોનલ ઓફિસરશ્રી પ્રતિ
.... જાણ તથા અમલ કરવા સારૂ.

ગુજરાતી સમાચાર 

# જાહેર નોટીસ

જા/પ્ર/૦૭

## સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ આર.સી.સી. બીલ્ડીંગોનું સ્ટ્રક્ચરલ ઈન્સ્પેકશન કરાવવા બાબત

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આર.સી.સી. બીલ્ડીંગોમાં વસવાટ કરતાં તથા કોમર્શીયલ વપરાશ કરતાં તમામ નાગરીકો/સોસાયટી/એસોસીએશનોને આ જાહેર નોટીસ થકી તાકીદ કરવામાં આવે છે કે, આપના વપરાશ/ભોગવટા હેઠળના જે તે આર.સી.સી. બીલ્ડીંગોની સ્ટ્રકચરલ સેફટીની ચકાસણી સુરત મહાનગરપાલિકાના રજીસ્ટર્ડ સ્ટ્રકચરલ ઈજનેર પાસે કરાવીને તેનો સ્ટ્રકચરલ ઈન્સ્પેક્શન રીપોર્ટ સુરત મહાનગરપાલિકામાં રજૂ કરવા અંગે પ્રવર્તમાન વિકાસ નિયંત્રણ નિયમોમાં કાયદાકીય જોગવાઈ થયેલ છે. જે મુજબ તા.૧૫-૧૦-૨૦૦૭ ના રોજ ૧૫ વર્ષ જુના હોય, તેવા તમામ આર.સી.સી. બીલ્ડીંગોના માલિક/કબ્જેદારોએ તેમના કબજા/ભોગવટા હેઠળના બીલ્ડીંગોનું સ્ટ્રકચરલ ઈન્સ્પેકશન કરાવીને, રજીસ્ટર્ડ સ્ટ્રકચરલ ઈજનેરનો સ્ટ્રકચરલ ઈન્સ્પેકશન રીપોર્ટ સુરત મહાનગરપાલિકામાં રજૂ કરવાનો રહે છે.

ઉક્ત જોગવાઈ અન્વયે તા.૧૫-૧૦-૨૦૦૭ ના રોજ ૧૫(પંદર) વર્ષ જુના થતા હોય તેવા, સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ તમામ હાઈરાઈઝ બીલ્ડીંગોમાં વસવાટ કરતા/કોમર્શીયલ ઉપયોગ કરતાં નાગરિકો/સોસાયટી/એસોસીએશનોએ તેમના કબજા ભોગવટા હેઠળના બીલ્ડીંગોની સ્ટ્રકચરલ સેઈફટી અંગે રજીસ્ટર્ડ સ્ટ્રકચરલ ઈજનેર પાસેથી સ્ટ્રકચરલ ઈન્સ્પેકશનનો રીપોર્ટ આ નોટીસની પ્રસિધ્ધિની તારીખથી ૬ (છ) માસમાં સુરત મહાનગરપાલિકા સમક્ષ રજૂ કરવો. સ્ટ્રકચરલ ઈન્સ્પેકશનના રીપોર્ટમાં નિર્દેશ કર્યા મુજબ સ્ટ્રકચરમાં ત્રૂટી જણાયેથી તેમાં જરૂરી સુધારા-વધારા/રીપેરીંગ કરાવીને, બીલ્ડીંગની સ્ટેબીલીટી અંગેનું સર્ટીફિકેટ સુરત મહાનગરપાલિકા સમક્ષ રજૂ કરવું.

ઉપરોક્ત નોટીસનો અમલ ન થવાના કારણે બીલ્ડીંગમાં થનાર સંભવિત જોખમ/અસલામતી અંગેની તમામ જવાબદારી જે તે બીલ્ડીંગના સંબંધિત વપરાશ કર્તા/ માલિકોની રહેશે, જેની તમામ સંબંધિતોની ગંભીર નોંધ લેવી.

નં.પી.આર.ઓ/ ૩૭૭/૨૦૦૭-૦૮
તા.૦૩/૧૨/૨૦૦૭

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા